આકાશવાણી ભુજ

સમાચાર વાચક : નેહલ ઠક્કર

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : 20-06-2024 સમય : સાંજે 6.25 વાગ્યે

---

## દેશ-યોગ દિવસ

સમગ્ર વિશ્વમાં 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા "સમય અને સમાજ માટે યોગ"ની થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે ત્યારે આવતીકાલે 10મા આંતરારષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે, જ્યાં તેઓ દેશ-દુનિયાને પોતાનો સંદેશો આપશે અને ત્યારબાદ યોગ સત્રમાં ભાગ લેશે.

RNU અમદાવાદ

---

## રાજ્ય-યોગ દિવસ

બનાસકાંઠાના નડાબેટ ખાતે આવતીકાલે રાજ્યકક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે જણાવ્યું કે, મુખ્યમંત્રીના વડપણમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોજાશે. આવતીકાલે રાજ્યભરના કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ યોગ દિવસની ઉજવણી માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમંત્રી મંડળના સભ્યો, સાંસદ, ધારાસભ્યો, પદાધિકારીઓ સહિત પ્રતિષ્ઠિત લોકો ઉપરાંત સામાન્ય નાગરિકો આ કાર્યક્રમમાં ભાગ લેશે.

RNU અમદાવાદ

---

## કચ્છ : યોગ દિવસ

કચ્છનો જિલ્લાકક્ષાનો યોગ દિવસનો કાર્યક્રમ સ્મૃતિવન મેમોરિયલ ભુજ ખાતે યોજવામાં આવશે. તાલુકા કક્ષા તથા જ્યાં નગરપાલિકા છે ત્યાં સંયુક્ત ઉપક્રમ સાથે કુલ 10 યોગ દિનના કાર્યક્રમ જિલ્લામાં યોજવામાં આવશે. અંજારનો કાર્યક્રમ વીરબાળ ભૂમિ સ્મારક, ગાંધીધામનો કાર્યક્રમ ઓસ્લો બ્રિજ, રાપરનો કાર્યક્રમ સ્વામિનારાયણ ગુરુકુળ, માંડવીનો કાર્યક્રમ શ્યામજી કૃષ્ણવર્મા મેમોરિયલ, નખત્રાણાનો કાર્યક્રમ ટી.ડી.વેલાણી હાઈસ્કૂલ, મુંદરાનો કાર્યક્રમ શાસ્ત્રી મેદાન,

અબડાસાનો કાર્યક્રમ જંગલેશ્વર ગ્રાઉન્ડ નલિયા ખાતે, ભચાઉનો કાર્યક્રમ પટેલ બોર્ડિંગ અને લખપતનો કાર્યક્રમ પી.એમ.લીંબાણી હાઈસ્કૂલ દયાપર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં જોડાવા વહીવટી તંત્ર દ્વારા લોકોને અપીલ કરાઇ છે.

પરેશ મારૂ

----------------------------------------------------------------------

## સાઇબર ક્રાઇમ-સાવચેતી

હાલના, ટેકનોલોજીના યુગમાં અનેક લોકો સાઇબર ક્રાઇમનો ભોગ બની રહ્યા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને ફસાવી આર્થિક, શારીરિક અને માનસિક રીતે હેરાનગતિ કરવાના અનેક ગુના બની રહ્યા છે ત્યારે સાયબર ફ્રોડ સામે જાગૃત રહેવા અને સાવચેત રહેવું જરૂરી છે. પૂર્વ કચ્છના પોલીસ વડા, સાગર બાગમારે લોકોને અપીલ કરી છે જ્યારે પણ આવા બનાવો બને છે ત્યારે તાત્કાલીક પોલીસને જાણ કરો જેથી આ અંગે પોલીસ યોગ્ય કાર્યવાહી કરી શકે.

બાઇટ : સાગર બાગમાર

પરેશ મારૂ

----------------------------------------------------------------------

## સંસ્કૃતિ-સંવર્ધન એવોર્ડ

સુરત ખાતે વર્ષ 2024 ના રાજય કક્ષના સંસ્કૃતિ, સંવર્ધન એવોર્ડની જાહેરાત કરાઇ છે. કલાતીર્થ સંસ્થા દ્વારા રાજ્યકક્ષાના સંસ્કૃતિ સંવર્ધક એવોર્ડ માટે કચ્છના કલા સંશોધક લેખક સ્વ. રામસિંહજી રાઠોડ, કલા વિવેચક લાલ રાંભિયા, લેખક ગૌતમ જોષી, દરિયાઇ કથા લેખક હસમુખ અબોટ્ટી ચંદન સહિતનાની પસંદગી કરાઇ છે તો કચ્છની વિશિષ્ટ સન્માનીય પ્રતિભા અંતર્ગત, વરિષ્ઠ પત્રકાર કીર્તિ ખત્રી, રાજ્યના પૂર્વ નાણાંમંત્રી બાબુભાઇ શાહ, સમાજ સેવક લેખક લીલાધર ગડાને સમાજરત્ન સન્માન અર્પણ કરાશે.

N.P. નેહલ ઠક્કર

--------------------------------------------------------------------------------

## ભુજ-ઊંટ દિવસ ઉજવણી

ઊંટપાલકો સાથે ભવિષ્યના પ્રશ્નો માટે દિશા નક્કી કરવાના હેતુથી આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ 2024 અંતર્ગત કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા શનિવારે 22મી જુનના ભુજના ટાઉનહોલ ખાતે વિશ્વ ઊંટ દિવસ ઉજવણી તથા સંગઠનની સાધારણ સભાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ઉંટ પાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ઉંટોના સંવર્ધન અને તેના વિકાસ માટેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડા સહિત અન્ય પ્રજાકીય પ્રતિનિધિઓ જોડાશે.

RNU અમદાવાદ

------------------------------------------------------------------------

## ભચાઉ-મધ્યાહ્ન યોજના સંચાલક ભરતી

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના મધ્યાહ્ન ભોજન યોજનાના ૮ કેન્દ્રો પર સંચાલકની હંગામી કરારના ધોરણે વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિમણૂક કરવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૫ જુલાઇ સુધીમાં નિયત નમૂનામાં અરજી મામલતદાર કચેરી ભચાઉને મોકલી આપવાની રહેશે. જાહેર રજાના દિવસો સિવાય નિયત અરજી ફોર્મ કચેરી ખાતે મળી શકશે. વય મર્યાદા મુજબ ૨૦ વર્ષથી ઉપરના અરજી કરી શકશે. અરજી સાથેના બિડાણોમાં જન્મનો આધાર, રહેઠાણનો આધાર, શૈક્ષણિક લાયકાતનો આધાર અને આધારકાર્ડની નકલ સાથે રાખવાની રહેશે તેમ મામલતદારની યાદીમાં જણાવાયું હતું.

માહિતી ખાતુ

------------------------------------------------------------------------